# આચાર્યની ભરતીમાં વિનિયમ ૨૦(૧) ની સ્પષ્ટતા

| ક્રમ | સ્પષ્ટતા માટેની વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની કલમ ૨૦(૧) માં શૈક્ષણિક સ્નાતકની લાયકાતમાં અન્ય કઇ સ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી ? દા.ત. B.R.S | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની કલમ ૨૦(૧) મુજબ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં માન્ય યુનિવર્સીટી દ્વારા સ્નાતકની પદવી મેળવેલ હોય તે માન્ય ગણાય. |
| ૨ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની કલમ ૨૦(૧) માં શૈક્ષણિક અનુસ્નાતકની લાયકાતમાં અન્ય કઇ અનુસ્નાતકની પદવીઓ સમકક્ષ ગણવી ? દા.ત.M.R.S | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની કલમ ૨૦(૧) મુજબ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં માન્ય યુનિવર્સીટી દ્વારા અનુસ્નાતકની પદવી મેળવેલ હોય તે માન્ય ગણાય. |
| ૩ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની કલમ ૨૦(૧) માં વ્યવસાયિક સ્નાતકની લાયકાતમાં B.ED ની લાયકાતને સમકક્ષ અન્ય કઇ લાયકાત ગણવી? દા.તા. D.B.ED, B.P.ED, D.P.ED | વ્યાવસાયિક સ્નાતકની લાયકાતમાં માન્ય યુનિવર્સીટી દ્વારા આપેલ B.ED, D.B.ED, B.P.ED, D.P.ED ડિગ્રી ગણી શકાય. |
| ૪ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ની કલમ ૨૦(૧) માં વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાતમાં M.EDની લાયકાતને સમકક્ષ અન્ય કઇ લાયકાત ગણવી? દા.ત. M.P.ED | વ્યવસાયિક અનુસ્નાતકની લાયકાતમાં માન્ય યુનિવર્સીટી દ્વારા આપેલ M.ED અને M.P.ED ડિગ્રીનો સમાવેશ થાય છે. |
| ૬ | MA EDUCATION ની લાયકાતને શૈક્ષણિક કે વ્યવસાયિક બન્ને માંથી કઇ લાયકાતમાં માન્ય ગણી શકાય? MA EDUCATION કઇ યુનિવર્સીટીનું માન્ય ગણી શકાય ? | MA EDUCATION ની લાયકાતને શૈક્ષણિક લાયકાતમાં માન્ય ગણી શકાય. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ (UGC) દ્વારા માન્યતા પ્રાપ્ત યુનિવર્સીટીની કોલેજમાંથી MA EDUCATION ની લાયકાત મેળવેલ હોય તે માન્ય ગણાય. U.G.C. ની વેબસાઇટથી માન્ય/અમાન્ય યુનિવર્સીટીઓ બાબતે ખાત્રી કરી લેવાની રહેશે. |

C-123

| | | |
|---|---|---|
| ૭ | આચાર્યનો અનુભવ ગણવામાં સાત વર્ષનો અનુભવ ધ્યાને લેવાનો છે. ઉક્ત અનુભવની ગણતરી નિમણૂંક તારીખથી લેવી? કે અનુસ્નાતકની પદવી મેળવ્યાના વર્ષથી ગણવી? | વિનિયમ ૨૦(૧)માં દર્શાવ્યા મુજબ નિયત થયેલ લાયકાત સ્નાતક/અનુસ્નાતકની પદવી મેળવ્યા પછીનો નિયત કરેલ વર્ષોનો અનુભવ ગ્રાહ્ય રાખવા પાત્ર છે. |
| ૮ | આચાર્યના અનુભવની ગણતરીમાં શિક્ષણ સહાયકનો અનુભવ ધ્યાને લેવો કે નહિ? | વિનિયમ ૨૦(૧)માં જણાવ્યા મુજબનો રજિસ્ટર્ડ ગ્રાન્ટ ઇનએઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂંક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો અનુભવ ધ્યાને લેવાનો થાય છે. |

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.